# ભાવે જિનવર પૂજીએ...

આત્મોન્નતિનો પાયો છે જિનભક્તિ. પણ જ્યાં સુધી જિનદર્શન પૂજાની વિધિ-અવિધિનો ખ્યાલ ન હોય, ત્યાં સુધી દર્શન-પૂજા કરવા છતાં એવી ભક્તિ ઉઠતી નથી, અને ચિત્તપ્રસન્નતાનો અનુભવ થતો નથી.

**દેરાસરમાં નહીં લઇ જવા યોગ્ય સામગ્રી...**

બીસ્કીટ, પીપરમેંટ, ચોકલેટ, અભક્ષ્ય મીઠાઈ, જાંબુ, બોર આદિ તુચ્છ ફલ સુગંધરહિત ફૂલ, પાનમસાલા, સીગરેટ પેકેટ, માણિકચંદ ગુટકા, દવા-ટેબલેટ્સ આદિ ખાન-પાનની પૂજામાં અનુપયોગી સામગ્રી તથા બામ, મલમ વગેરે તથા સ્કૂલે જતા વિદ્યાર્થીએ ખભા પરથી દફતર ઉતારવામાં આળસ ન કરવી. નાસ્તાનો ડબ્બો વગેરે દેરાસરમાં લઈ ગયા બાદ એ નાસ્તો કરી શકાય નહીં. દેરાસરના વાસણો થાલી, કુંડી, ડોલ, વાટકી વગેરે સ્ટીલના વાપરવા જોઈએ નહીં.

સેરંસ્રમાં લઈ જવં યેંગ્ય સ્મ્ગ્રી...

પંચામૃતના સાધન, અંગલુંછના, ચંદન, બરાસ, સુગંધિત ફૂલ, ધૂપ, દીપક, પંખો, દર્પણ, ચામર, ચોખા, ફલ, નૈવેદ્ય, આંગીની વિવિધ સામગ્રી તથા અન્ય પણ દેરાસરમાં ઉપયોગી સામગ્રી આવશ્યક હોય તે લઈને જવું. સોના, ચાંદી, કાંસુ, પીત્તળ, જર્મન સીલ્વરના વાસણો વાપરવા જોઈએ.

પૂજા અંગે નાના-મોટા ઘણા મતાંતરો સંઘમાં પ્રવર્તે છે. તેથી અહીં બતાવેલી વિધિઓ અંગે પણ મતભેદ હોઈ શકે. તે વખતે પોતાને માન્ય ગીતાર્થ ગુરુભગવંતા માર્ગદર્શન મુજબ વર્તવાની ભલામણ છે.

જે કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ હોય, તે માટે મિચ્છામિ દુક્કડમ્

દેરાસરમાં દર્શન-પૂજા કરવા જતી વખતે પાંચ પ્રકારના અભિગમ (વિનય) તથા દશત્રિકનું પાલન કરવું જોઈએ.

પાંચ અભિગમ :

| | | |
|---|---|---|
| ૧. સચિત્તનો ત્યાગ | : | દેરાસરમાં કોઈપણ પૂજામાં કામ નહીં આવનારી ખાનપાન આદિ ચીજોનો દેરાસરની બહાર જ ત્યાગ કરવો. |
| ૨. અચિત્તનું ગ્રહણ | : | પૂજા યોગ્ય સામગ્રી ગ્રહણ કરવી. અર્થાત્ તે સામગ્રી લઈને દેરાસર જવું. પરન્તુ ખાલી હાથે જવું નહીં. |
| ૩. ઉત્તરાસન | : | ખેસનું પરિધાન કરવું. |
| ૪. અંજલિ | : | બે હાથ જોડીને ભગવાનને પ્રણામ કરવા. |
| ૫. પ્રણિધાન | : | મન, વચન, કાયાને પ્રભુભક્તિમાં એકાગ્ર રાખવા. |

દશત્રિક :

| | | |
|---|---|---|
| ૧. પ્રણામત્રિક | : | ૧. અંજલિબદ્ધ પ્રણામ : દેરાસરમાં પ્રવેશ સમય પરમાત્માના દર્શન થતાં કરવાં.<br>૨. અર્ધાવનત પ્રણામ : ગભારાની પાસે કરવા.<br>૩. પંચાંગ પ્રણિપાત પ્રણામ : ખમાસમણા આપતી વખતે કરવા. |
| ૨. નિસીહીત્રિક | : | ૧. પ્રથમ નિસીહી : દેરાસરમાં પ્રવેશ સમયે મુખ્યદ્વાર ઉપર બોલવી.<br>૨. બીજી નિસીહી : ગભારામાં પ્રવેશ કરતી વખતે બોલવી.<br>૩. ત્રીજી નિસીહી : ચૈત્યવંદનની પહેલાં બોલવી. |
| ૩. પ્રદક્ષિણાત્રિક | : | દર્શન અથવા પૂજા કરતા પહેલાં જ્ઞાન, દર્શનચારિત્રની પ્રાપ્તિ હેતુ ત્રણ પ્રદક્ષિણા આપવી. |
| ૪. પૂજાત્રિક | : | ૧. અંગપૂજા : પ્રક્ષાલ પૂજા, બરાસ પૂજા, ચંદન પૂજા, પુષ્પ પૂજા.<br>૨. અગ્રપૂજા : ધૂપ પૂજા, દીપ પૂજા, અક્ષત પૂજા, નૈવેદ્ય પૂજા, ફૂલ પૂજા તથા ચામર દર્શન અને પંખો વિંઝવો.<br>૩. ભાવ પૂજા : ચૈત્યવંદન કરવું. |
| ૫. અવસ્થાત્રિક | : | પિંડસ્થઅવસ્થા, પદસ્થઅવસ્થા, રૂપાતીત અવસ્થા આ ત્રણ પ્રકારની અવસ્થાનું ચિંતન કરવું. |
| ૬. પ્રમાર્જનત્રિક | : | ચૈત્યવંદનની પહેલાં ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન કરવું. |
| ૭. દિશાત્યાગત્રિક | : | ચૈત્યવંદન કરતી વખતે પ્રભુની દિશાને છોડી શેષ ત્રણ દિશાનો ત્યાગ કરવો. |
| ૮. આલંબનત્રિક | : | સૂત્રાલંબન, અર્થાલંબન, પ્રતિમા આલંબન, ચૈત્યવંદન કરતી વખતે આ ત્રણનું આલંબન કરવું. |
| ૯ મુદ્રાત્રિક | : | યોગમુદ્રા : ચૈત્યવંદનના નીચેના સૂત્રો સિવાય બધાય સૂત્રો આ મુદ્રામાં બોલવા.<br>મુક્તાશુક્તિ મુદ્રા : જાવંતિ, ચેઈયાંઇ, જાવંત કેવિ. જયવીરાય સૂત્ર આ મુદ્રામાં બોલવા.<br>જિન-કાઉસ્સગ્ગ મુદ્રા : કાઉસ્સગ્ગ આ મુદ્રામાં કરવો. |
| ૧૦. મનનુંપ્રણિધાનત્રિક | : | મનનું પ્રણિધાન, વચનનું પ્રણિધાન, કાયાનું પ્રણિધાન, ચૈત્યવંદન કરતી વખતે આ ત્રણનું પ્રણિધાન,કરવું અર્થાત્ સ્થિર રાખવા. |

## પૂજાના કપડા પહેરવામાં અવિધિ...

2 ખેસ ઊંધો પહેરવો અર્થાત્ પોતાનો ડાબો ખભો ખુલ્લો રહે તે રીતે ખેસ પહેરવો.

2 ધોતીયું અને ખેસથી વધારે કપડા વાપરવા.

2 પુરુષોએ રૂમાલનો ઉપયોગ કરવો.

2 બહેનોએ રૂમાલનો ઉપયોગ ન કરવો.

2 માત્ર ધોતીયું પહેરવું, ખેસ નહીં રાખવો અથવા ધોતીયાના અર્ધાભાગને ઉપર લઈને ખેસ કરવો. જેથી પેટ વગેરે ખુલ્લા રહે.

2 પૂજાનાં કપડાથી પરસેવો તથા નાક વગેરે સાફ કરવા.

2 પૂજાનાં કપડાં ગંધાતા રાખવા.

2 પૂજા માટે પેંટ/શર્ટ અથવા પાયજામા-ઝભ્ભાનો ઉપયોગ કરવો.

2 દેરાસરનાં કપડા વાપરવા અને પછી જ્યાં ત્યાં નાખીને જતાં રહેવું.

2 અન્ય કોઈ પ્રસંગમાં વાપરેલાં કપડાંનો ધોઈને કે ધોયા વગર ઉપયોગ કરવો.

2 પૂજાનાં કપડાંમાં સામાયિક કરવું.

2 પૂજાના કપડામાં કંઈ પણ ખાવું-પીવું, એકી-બેકી જવું.

2 મહિનાઓ સુધી પૂજાનાં કપડાં ધોવા નહીં અને દુર્ગંધવાળા રાખવા.

2 બહેનોએ પૂજાના તરીકે પંજાબી ડ્રેસ વગેરે કપડાં રાખવા.

ઘરથી સ્કૂટર આદિ ઉપર તથા સ્લીપર આદિ પહેરીને પૂજા માટે જવું એ વિધિ નથી.

## પગ ધોવામાં અવિધિ

2 નળની નીચે પગ ધોવા.

2 અણગળ પાણીથી પગ ધોવા.

2 નિગોદવાળી જમીન પર પગ ધોવા અથવા પગ ધોયેલું પાણી તેવા સ્થાને જાય.

2 પગ ધોયા પછી પાણીનું વાસણ ખુલ્લું રાખવું.

2 વધારે પડતાં પાણીની પગ ધોવા તથા પગને પગ સાથે ઘસીને પગ ધોવા.

આનાથી પાણીના અને પાણીમાં રહેલા જીવોની હિંસા થાય છે.

## દહેરાસરમાં પ્રવેશ વખતની અવિધિ...

2 પરમાત્માના દર્શન થતાં હાથ જોડીને પ્રણામ નહીં કરવા તથા "નમો જિણાણં" બોલવું નહીં અથવા જોરશોરથી બોલવું.

2 વાતો કરતાં કરતાં તથા ઝૂક્યા વિના પ્રવેશ કરવો.

વિદ્યાર્થીઓએ સ્કૂલબેગ અથવા લંચબોક્સ તથા અન્ય વ્યક્તિઓએ કોઈપણ ખાદ્ય વસ્તુઓ સાથે રાખીને પ્રવેશ કરવો.

## પહેલી નિસીહીમાં અવિધિ

2 દહેરાસરનાં મુખ્ય દ્વાર પર "નિસીહી" બોલ્યા વિના પ્રવેશ કરવો.

2 ભગવાન દેખાતા હોય, તો પણ "નમો જિણાણં" નહીં બોલવું.

2 ઝુક્યા વિના પ્રવેશ કરવો. પ્રવેશ કર્યા પછી સાંસારિક વાતો કરવી, જેમ કે "તમારા સગપણ ક્યારે થયા ?" ઈત્યાદિ. આનાથી "નિસીહી" નો ભંગ થાય છે.

2 દહેરાસરના આવશ્યક કાર્યનાં વિષયમાં સૂચના આપવી જરૂરી હોય છતાં આપવી નહીં અને દહેરાસરની સફાઈ વગેરે કરવી નહીં.

## ઘંટનાદ કરવામાં અવિધિ...

2 પ્રવેશ સમયે તથા જતી વખતે ઘંટનાદ કરવો નહીં.
જોરથી ઘંટનાદ કરવો. આમ કરવાથી બીજાઓને પોતાની આરાધનામાં વિક્ષેપ પડે છે.

2 મનફાવે ત્યારે ઘંટ વગાડવો અથવા વારંવાર ઘંટ વગાડવો.

## પ્રદક્ષિણા દેવામાં અવિધિ...

2 પ્રદક્ષિણા જ આપવી નહીં. અથવા એક કે બે વાર આપવી.

2 પૂજા કર્યા પછી પ્રદક્ષિણા આપવી, પોતાની જમણી બાજુ તરફ ફરીને પ્રદક્ષિણા આપવી.

2 દર્શન/પૂજાને યોગ્ય સામગ્રી હાથમાં રાખ્યા વિના પ્રદક્ષિણા આપવી.

2 વાતો કરતાં કરતાં પ્રદક્ષિણા આપવી.

2 પ્રદક્ષિણા અધૂરી છોડીને અન્ય કાર્ય કરવા.

## સ્તુતિ બોલવામાં અવિધિ...

2 પ્રદક્ષિણા પૂર્ણ થતાં સ્તુતિ માટે ગભારા પાસે જવું નહીં.

2 હાથ જોડીને તથા કમ્મર સુધી નમીને પ્રભુજીને પ્રણામ કરવા નહીં. આનાથી "અર્ધાવનત પ્રણામ"ની વિધિનું ઉલ્લંઘન થાય છે.

2 વચ્ચે ઊભા રહેવું અથવા પુરુષોએ ભગવાનની ડાબી બાજુ અને બહેનોએ ભગવાનની જમણી બાજુએ ઊભા રહેવું.

2 થાંભલા વગેરેનાં આધારે અથવા વાંકાચુકા ઊભા રહેવું.

2 સ્તુતિને બદલે બડબડ કરીને નવકાર બોલવો અથવા જોરથી "દર્શનમ્ દેવદેવસ્યં" ઈત્યાદિ અશુદ્ધ ઉચ્ચારપૂર્વક સ્તુતિઓ બોલવી. આનાથી બીજા દર્શનાર્થી-પૂજાર્થીને વિક્ષેપ પડે છે.

## મુખકોશ બાંધવામાં અવિધિ...

2 ખેસને આઠ પડ કર્યા વિના બાંધવો.

2 રૂમાલના બે પડ કરીને બાંધવો.

2 નાકની નીચેથી મુખકોશ બાંધવો.

2 મુખકોશ બાંધ્યા પછી વાતો કરવી. આથી મુખકોશ ભીનો થાય છે. અને... પરમાત્માઓ સ્પર્શ કરવામાં આશાતના લાગે છે.

**સ્તુતિ :**

**પ્રભુદરિસન સુખ સંપદા, પ્રભુદરિસન નવનિધ.**

**પ્રભુદરિસનથી પામીએ, સકલ પદારથસિદ્ધિ.**

## ચંદન ઘુંટવામાં અવિધિ...

2 પોતાના હાથે ઘુંટવું નહીં.

2 મુખકોશ બાંધ્યા વિના ઘુંટવું.

2 વાતો કરતાં કરતાં ઘુંટવું, જેથી પોતાનું થુંક વગેરે ચંદનમાં પડે.

2 પ્રભુજીના વિલેપન માટે બરાસ ઘુંટવું નહીં.

2 પૂજા તથા તિલક માટે એક જ ચંદન રાખવું.

2 કેસરનો ઉપયોગ વધારે કરવો.

સ્તુતિ : અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ, તસ્માત્ **કારુણ્યભાવેન રક્ષ રક્ષ જિનેશ્વર.**

## ત્લિક કરવંમા અવિધિ

2 પુરુષોએ “ ” ગોલાકાર તિલક કરવું.

2 બહેનોએ “૬” જ્યોતાકાર તિલક કરવું.

2 ભગવાનની દૃષ્ટિ પડે એ રીતે ઊભા રહીને તિલક કરવું.

2 દર્પણમાં આપણા પોતાના વાળ વગેરે બરાબર કરવા.

2 તિલક કરતી વખતે મુખની શોભાની ભાવના પ્રધાન કરવી.

સ્તુતિ :

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને જિને, સદા મેસ્તુ સદા મેસ્તુ, ભવે ભવે.

## પ્રક્ષાલ તૈયાર કરવામાં અવિધિ...

2 નળનું તથા અળગણ પાણી વાપરવું.

2 પ્રક્ષાલ જલ પંચામૃત (પાણી, સાકર, દહીં, ઘી, દૂધ)થી બનાવવું નહીં.

2 દૂધનું પ્રમાણ અતિઅલ્પ રાખવું. અર્થાત્ એક ડોલ જેટલા પાણીમાં માત્ર ૧/૨ કલશ દૂધ નાંખવું.

2 મુખકોશ બાંધ્યા વિના પ્રક્ષાલ તૈયાર કરવો.

2 પ્રક્ષાલમાં આપણો પરસેવો, થૂંક વગેરે પાડવા.

2 પ્રક્ષાલ ભરેલું વાસણ ખુલ્લું રાખવું.

2 પ્રક્ષાજલ પૂજારી પાસે તૈયાર કરાવવું. અર્થાત્ પ્રક્ષાલની પૂર્વ તૈયારી પૂજારી પાસે કરાવવી.

## ગભારામાં પ્રવેશ સમયે અવિધિ...

2 બીજી “નિસીહી” બોલ્યા વિના પ્રવેશ કરવો.

2 વાતો કરતાં કરતાં પ્રવેશ કરવો.

2 નમ્યા વિના પ્રવેશ કરવો.

2 મુખકોશ બાંધ્યા વગર પ્રવેશ કરવો કે પરમાત્માનો સ્પર્શ કરવો.

2 ગભારામાં વાતો કરવી, દુહા બોલવા, લઘુશાંતિ, બૃહદશાંતિ સ્તોત્ર આદિ પાઠ કરવો.

2 દેરાસર સંબંધી વાતો કરવી, જેમ કે ‘આજે દેરાસર મોડું ખુલ્યું’ વગેરે.

2 અંગપૂજા આદિ મહત્ત્વના કારણ વિના વારંવાર ગભારામાં જવું.

## નિર્માલ્ય દૂર કરવામાં અવિધિ...

2 મોરપીંછ વગેરેનો ઉપયોગ કરવો નહીં.

2 હાથથી ઘસીને અથવા નખથી ઘસીને નિર્માલ્ય દૂર કરવું.

2 નિર્માલ્ય દૂર કર્યા વિના પ્રક્ષાલ કરવો. જેથી ફૂલમાં રહેલ કીડી વગેરે સૂક્ષ્મ જંતુઓની હિંસાનો સંભવ છે.

2 પૂજારી નિર્માલ્ય દૂર કરી રહ્યો છે એવું જોવાં છતાં ઉપેક્ષા કરીને અન્ય કાર્યમાં વ્યસ્ત રહેવું.

2 વાળા કુંચીથી ઘસી ઘસીને વરખ, બાદલું, ચંદન, વગેરે નિર્માલ્ય દૂર કરવા.

2 વરખ, બાદલાને ઉતારીને પ્રક્ષાલમાં જવા દેવા.

## પ્રક્ષાલ કરવામાં અવિધિ

2 મુખકોશ નાકથી નીચે ઉતરવો.

2 પહેલાં શુદ્ધ પાણીનો અભિષેક કરવો, પછી પંચામૃતનો અભિષેક કરવો.

2 એક હાથમાં કળશ પકડવો અને બીજા હાથથી મુખ, નાક, દબાવીને પ્રક્ષાલ કરવો.

2 નવાંગી પૂજાની જેમ એક અંગ ઉપર પ્રક્ષાલ કરવો.

મોટી શાંતિ આદિ બોલતાં બોલતાં અથવા વાત કરતાં કરતાં પ્રક્ષાલ કરવો.

2 જ્યારે પંચામૃતનો અભિષેક ચાલતો હોય, ત્યારે પાણીનો અથવા પાણીનો પ્રક્ષાલ ચાલતો હોય ત્યારે પંચામૃતનો પ્રક્ષાલ કરવો.

2 જ્યાં ત્યાં ઊભા રહીને ધક્કા લગાવીને, પાછળથી આગળ આવીને એકબીજાની વચ્ચે ધસીને પ્રક્ષાલ કરવો.

2 એક હાથથી પ્રક્ષાલ કરતાં જવું બીજા હાથથી ભગવાનની સફાઈ કરતાં જવું.

2 કલશને પટકવો અથવા ભગવાનને લગાવવો.

2 કલશને ઉંધો કરીને પ્રક્ષાલ કરવો.

2 પ્રક્ષાલ કરેલ પ્રભુજીની સ્નપન જલ નીચે ઢોળવું અને બધાનાં પગમાં આવવું.

2 પ્રભુના શરીર ઉપર રહેલ પ્રક્ષાલને હાથમાં નમણ જલના રૂપમાં લઈને ત્યાંને ત્યાં આપણા શરીર ઉપર લગાવવું.

2 કળશ કપડાથી સાફ કર્યા વિના જ્યાં ત્યાં મૂકી દેવા.

**નોંધ** :કળશના નાલચા ભીના રહી જાય અને તેમાં નિગોદ/લીલફુગ થાય તેની ઉપેક્ષા કરવી. તથા કલશ, કુંડી વગેરેને પુંજ્યા વિના વાપરવા.

## અંગલુછના કરવામાં અવિધિ...

2 મુખકોશ નાકથી નીચે ઉતરી જાય.

2 ત્રણથી ઓછાં અંગલુછના કરવા.

2 વાતો કરતાં કરતાં અથવા કોઈ સ્તોત્ર આદિ બોલતા બોલતા અંગલુછના કરવા.

2 અંગલુછના રોજ સાફ કરવા નહીં અને મેલા-ગંધાતા રાખવા તથા લાંબા સમય સુધી વાપરતા રહેવું.

2 પગ ધોવાની અથવા સ્નાન કરવાની જગ્યા પર અંગલુછના ધોવા.

2 અંગલુછના નીચે ફેંકવા તથા પગ લગાડવો.

2 અંગલુછના ક્રમ વિના કરવા.

2 અંગલુછના કરીને જ્યાં ત્યાં રાખી મૂકવા.

2 પ્રભુના અંગલુછના દેવ-દેવી માટે વાપરવા.

2 પીત્તળ અથવા તાંબાની સળીનો વારંવાર ઉપયોગ કરવો. અંગલુછનાને તે સળીથી ગોદા લગાવીને નાંખવા.

2 પાટલુછણિયાના કપડાંથી અંગલુછણા કરવા.

2 અંગલુછનાથી જમીન સાફ કરવી.

પહેલી પૂજા કરવાના લોભમાં અંગલુછના ગમે તેમ કરી લેવા અથવા ત્રીજું અંગલુછનું પોતાના કબ્જામાં રાખવું.

## વિલેપન કરવામાં અવિધિ

2 કોઈપણ દ્રવ્યથી વિલેપન કરવું.

2 નવાંગી પૂજાની જેમ વિલેપન કરવું.

2 ડાબા હાથથી કે પ્રતિમાજીને નખ લગાડીને વિલેપન કરવું.

2 મુખકોશ બાંધ્યા વગર વિલેપન કરવું.

2 સ્તોત્ર, દુહા વગેરે બોલતાં બોલતાં વિલેપન કરવું.

2 પ્રભુજીનાં મુખ ઉપર અથવા અન્યત્ર કંઈ પણ લપેડા લગાવ્યા હોય તે રીતે વિલેપન કરવું.

2 પરસેવો, માથું વગેરે ખંજવાળવું વગેરે કારણે ખરાબ થયેલા હાથથી વિલેપન કરવું.

2 એક/બીજાને ધક્કા લાગે અને દર્શનાર્થી આદિને દર્શનમાં અંતરાય પડે તે રીતે ઊભા રહીને વિલેપન કરવું.

## ભગવાનની ચંદન પૂજામાં અવિધિ...

2 વાતો કરતાં કરતાં તથા બગાસું ખાતાં ખાતાં પૂજા કરવી.

2 પૂજા કરવાની આંગળીને છોડીને આપણા શરીરના કોઈ પણ અંગનો અને આપણા વસ્ત્રોનો પ્રતિમાને સ્પર્શ થવો.

2 મુખકોશ બરાબર નાક સુધી રાખવો નહીં, જેથી થૂંક વગેરે ઊડીને પરમાત્માને લાગે.

2 પૂજા નવ અંગ ઉપર કરવી નહીં, પરંતુ અધિક  અથવા ઓછાં અંગ ઉપર કરવી અને... પૂજા કોઈપણ આંગળીથી કરવી.

2 નવ અંગોની ઉલટી/સુલ્ટી પૂજા કરવી.

સ્તોત્ર આદિ કે નવાંગીના દોહા બોલતાં બોલતાં પૂજા કરવી.

2 ટાઈપીસ્ટની જેમ ફટાફટ-ધડાધડ પૂજા કરવી.

2 જ્યાં ત્યાં વચ્ચે અથવા ઉંધી બાજુ ઊભા રહીને પૂજા કરવી.

2 ધક્કા લગાવીને તથા વચ્ચે ઘૂસીને પૂજા કરવી.

2 પૂજા કરતી વખતે આમતેમ જોયા કરવું.

2 દેરાસરનું ચંદન વાટકી ભરીને લેવું.

2 પૂજાના ક્રમનું ઉલ્લંઘન કરવું અર્થાત્, પહેલાં દેવ-દેવી, ગુરુ-પ્રતિમા આદિની પૂજા કરવી, પછી પરમાત્માની પૂજા કરવી.

2 ગુરુ, દેવ-દેવીના ઉપયોગમાં લીધેલા ચંદનથી પ્રભુની પૂજા કરવી.

2 અષ્ટમંગલની પૂજા કરવી.

2 શ્રીવત્સ, લંછન, હથેલીની કે હાથ-પગની અન્ય આંગળીઓની પૂજા કરવી.

## પુષ્પ પૂજામાં અવિધિ...

2 સુગંધ રહિત, વાસી, તુચ્છ તથા પ્લાસ્ટિકના ફૂલો ચઢાવવા.

2 ભગવાનની શોભા બગડી જાય અર્થાત્ મુખ આદિ અંગો ઢંકાઈ જાય તે રીતે ફૂલો ચઢાવવા.

2 નીચે પડેલા, પગમાં કચડાયેલાં, તથા ગઈકાલે ભગવાનને ચઢાવેલા ફૂલો ચઢાવવા, ફૂલોની પાંખડીઓ તોડીને ફૂલપૂજા કરવી.

2 ફૂલોને હાથમાં રાખવા અને દબાવવા.

- 2 સોઈથી વીંધીને બનાવેલી ફૂલની માલા ચઢાવવી.
- 2 એક ભગવાનને ચઢાવેલા ફૂલો ઊઠાવીને બીજા ભગવાનને ચઢાવવા.
- 2 ભગવાનને ફૂલોથી એ રીતે ઢાંકી દેવા કે જેનાથી બીજાને પૂજા દર્શનમાં તકલીફ પડે.

## દેવ–દેવીની પૂજામાં અવિધિ...

- 2 અનામિકા આંગળીથી નવઅંગની પૂજા કરવી.
- 2 દેવ-દેવીની પૂજા પછી તેજ ચંદનથી ફરી ભગવાન, સિદ્ધચક્ર, ગણધર વગેરેની પૂજા કરવી.
- 2 મુખકોશ બાંધવો નહીં.
- 2 દેવ-દેવીની સામે ચોખાના સાથીયા કે આવા પ્રકારના ત્રિશુલ Ψ વગેરે કરવા.
- 2 શક્તિ હોવા છતાં પૈસા એમના ભંડારમાં નાખવા નહીં.

## ધૂપ પૂજામાં અવિધિ...

- 2 દેરાસરની એકી સાથે ઘણી અગરબત્તી પ્રગટાવવી.
- 2 અગરબત્તીને હાથમાં પકડીને પૂજા કરવી.
- 2 ધૂપ પૂજાનો દૂહો બોલવો નહીં. પણ વાતો કરતાં કરતાં ધૂપપૂજા કરવી.
- 2 ગભારામાં જઈને ધૂપ પૂજા કરવી.
- 2 ભગવાનની અતિનિકટ જઈને અથવા ભગવાનની નાસિકા પાસે જઈને ધૂપનો ધૂમાડો છોડવો.
- 2 દેરાસરમાં જતાંની સાથે સૌથી પહેલાં અગરબત્તી જલાવીને બે હાથમાં પકડીને પ્રદક્ષિણા આપવી. સ્તુતિ બોલવી આદિ કાર્ય કરવા.
- 2 તુચ્છ અને સુગંધરહિત અગરબત્તી વાપરવી.
- 2 અગરબત્તીને આપણી પાસે અથવા ધૂપદાણીમાં એવી રીતે રાખવી કે તેના ધૂમાડાથી બીજાને તકલીફ પડે.

## દીપક પૂજામાં અવિધિ...

- 2 દીપકનું હેંડલ પકડીને અથવા થાળીમાં રાખી એક હાથથી થાળીને (anti clockwise) ઘૂમાવીને દીપક પૂજા કરવી.
- 2 દીપક પૂજા વખતે દુહો બોલવો નહીં. પરંતુ વાતો કરવી. જ્યાં જાવ ત્યાં કે પછી ખોટી દિશામાં ઊભા રહીને દીપક પૂજા કરવી.
- 2 ભાવ રહિત "એક કામ પતે" એવા ભાવથી દીપક પૂજા કરવી.
- 2 વનસ્પતિ ઘી, તેલ અથવા અન્ય અશુદ્ધ તૈલી પદાર્થો વાપરવા.
- 2 ગભારામાં જઈને અથવા દીપકને ભગવાનની અતિ સમીપ લઈ જઈને દીપક પૂજા કરવી.
- 2 દેરાસરમાં એક દીપક ચાલુ હોવા છતાં બીજો દીપક ચાલુ કરવો. (જો આપણા ઘરનો દીવો હોય તો દોષ નથી)

## ચામર નૃત્યમાં અવિધિ...

- 2 ચામર નૃત્ય કરવામાં શરમ રાખવી.
- 2 ચામરને હાથમાં લઈને જોર જોરથી લાઠીની જેમ ફેરવવું.
- 2 વ્યવસ્થિત ઊભા રહીને નૃત્ય કરવાના બદલે જ્યાં ઊભા રહીને ચામરને એવી રીતે ઘૂમાવવું કે બીજાને ડર લાગે અને પૂજાની વિધિ વિધાનમાં દુવિધા ઉત્પન્ન થાય.

સવારની પૂજાથી રાતના પાપ નાશ પામે છે.

બપોરની પૂજાથી આ ભવના પાપ નાશ પામે.

સાંજની પૂજાથી સાત ભવના પાપ નાશ પામે.

## દર્પણ દર્શન / પાંખો ઢાલવાની અવિધિ

- 2 દર્પણમાં પોતાનું મુખ જોવું.
- 2 પોતાના મુખ ઉપર પંખો ઢાલવો.
- 2 મોરપીંછનો પંખાના રૂપમાં ઉપયોગ કરવો.

"હું ભગવાનનો સેવક બનીને સેવાભક્તિ કરું" આવી ભાવનાથી પંખો ઢાલવો જોઈએ.

દેરાસરમાં જે - તે ફોટાઓ લટકાવી પૂજા કરવી ઉચિત નથી.

## અક્ષત પૂજામાં અવિધિ

- 2 કાંકરા, ધનેરાં આદિથી યુક્ત ખંડિત કે હલકા અક્ષત (ચોખા) વાપરવા તથા સાફ કર્યા વિના પૂજાની પેટીમાં ભરી દેવા.
- 2 સાથિયો (અક્ષત પૂજા) કરતા કરતાં પ્રક્ષાલ આદિ અન્ય કાર્ય કરવા ઊભા થવું.
- 2 દુહો-મંત્ર કંઠસ્થ હોવા છતાં બોલવા નહીં.
- 2 પહેલાં સિદ્ધશિલા કરવી પછી ત્રણ ઢગલી અને સ્વસ્તિક કરવો. અથવા પહેલાં ત્રણ ઢગલી, સિદ્ધશિલા અને સ્વસ્તિક કરવો.
- 2 દેરાસરમાંથી જતી વખતે અક્ષત (ચોખા) નૈવેદ્ય, ફલ, પાટલો વગેરે ત્યાં જ રાખી મૂકવા.
- 2 અક્ષત પૂજા કરતાં કરતાં "સકલ કુશલ." ચૈત્યવંદનની ક્રિયા ચાલુ કરવી.

## નૈવેદ્ય–ફલ પૂજામાં અવિધિ

- 2 બજારની મીઠાઈ, પીપરમેંટ, બિસ્કિટ, ચોકલેટ વગેરે અભક્ષ્ય ચીજો વાપરવી, નૈવેદ્ય-ફળ પૂજાના દુહા-મંત્ર બોલવા નહીં.

2 નૈવેદ્ય સિદ્ધશિલા ઉપર ચઢાવવું અને ફળ સાથિયા ઉપર ચઢાવવું.

2 સડેલા, ઉતરી ગયેલા, બોર જાંબૂ આદિ તુચ્છ ફલો ચઢાવવા.

2 પૂજા પછી નૈવેદ્ય-ફળને ત્યાં જ રાખી મૂકવા... જેથી કીડી વગેરે ચઢે એની વિરાધના થાય.

## ખમાસમણા દેવાની અવિધિ

2 ભૂમિપ્રમાર્જન કર્યા વિના ખમાસમણા આપવા.

2 "ઈચ્છામિ ખમાસમણો" સૂત્ર બોલ્યા વિના અથવા સૂત્ર પૂર્ણ થાય તે પહેલાં બે/ત્રણ ખમાસમણા આપવા.

2 "મત્થએણ વંદામિ" બોલતી વખતે માથું ભૂમિને અડાડવું નહીં.

2 પોતાના શરીરનાં પાંચ અંગનો ભૂમિ સાથે સ્પર્શ કરાવવો નહીં.

2 શરીરનું પ્રમાર્જન કર્યા વિના ખમાસમણા દેવા.

2 દંડ-બેઠક કરતા હોઈએ એ રીતે બે હાથ જમીન ઉપર ટેકવીને ખમાસમણા દેવા.

## ચૈત્યવંદન કરવામાં અવિધિ...

2 ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજી નિસીહી બોલવી નહીં.

2 "ઈરિયાવહિયા" કર્યા વિના અને ત્રણ ખમાસમણા આપ્યા વિના ચૈત્યવંદન કરવું.

2 બંને પગ ઊભા કરીને, જમણો પગ ઊભો રાખી, બંને ઘૂંટણ જમીન ઉપર રાખીને, અથવા પલાંઠી વાળીને લાટસાહેબની જેમ અરામથી બેસીને ચૈત્યવંદન કરવું.

2 ચૈત્યવંદન કરતી વખતે આમ તેમ જોયા કરવું, દૃષ્ટિને સ્થિર રાખવી નહીં.

2 વાતો કરતાં કરતાં, હસતાં હસતાં અક્ષત પૂજા (સાથિયો) કરતાં કરતાં "ઈરિયાવહિયં" "સકલકુશલ" આદિ ચૈત્યવંદનના સૂત્રો બોલવા.

2 ચૈત્યવંદન કરતાં કરતા પ્રક્ષાલ પૂજા, ચંદન પૂજા આદિ, દ્રવ્યપૂજા કરતા ઉઠવું.

2 ચૈત્યવંદન કરતી વખતે પચ્ચક્ખાણ લેવું આપવું કે માંગવું (ચૈત્યવંદન કરી રહેલા પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજ આદિ પાસે પચ્ચક્ખાણ માંગવું)

2 ચૈત્યવંદન કરતાં કરતાં ઝોકું ખાવું અને સૂત્ર-અર્થનું ધ્યાન રાખવું નહીં.

2 ચૈત્યવંદનમાં સ્તવન બોલવું નહીં. અથવા આધુનિક અર્થહીન ભાવરહિત ગીત બોલવું.

2 ચૈત્યવંદન થયા પછી અવિધિ આશાતનાનું મિચ્છામિ દુક્કડં દેવું નહીં.

## કાઉસ્સગ્ગ કરવામાં અવિધિ...

2 બેસીને કાઉસ્સગ્ગ કરવો.

2 દિવાલ, ભંડાર, થાંભલો વગેરેના ટેકે ઊભા રહેવું.
કાઉસ્સગ્ગમાં વાતો કરવી.

2 હોઠને ફફડાવતા અથવા જોરથી નવકાર બોલીને કાઉસ્સગ્ગ કરવો.

2 કાઉસ્સગ્ગમાં વાંકા/ચૂંકા કે પગને લાંબા કરીને ઊભા રહેવું.

2 કાઉસ્સગ્ગમાં આમ/તેમ જોવું કે હસ્યા કરવું.

2 "નમો રહત્ સિદ્ધચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યમ્" આ રીતે બિલકુલ અશુદ્ધ પાઠ બોલીને થોય-સ્તુતિ બોલવી.

2 સ્તુતિ (થોય) પછી એક ખમાસમણું આપ્યા વિના જતા રહેવું.

2 પચ્ચક્ખાણ લેવું નહીં.

2 ચોખા, ફળ નૈવેદ્ય, પાટલો વગેરે યોગ્ય સ્થાને મૂકવા નહીં.

## દેરાસરમાંથી નિકળતી વખતે અવિધિ...

2 ભગવાનને પીઠ કરીને બહાર નીકળવું.

2 ભગવાન સન્મુખ અથવા અન્યત્ર મુખ રાખીને ઊંધા પગે જતી વખતે બેધ્યાનથી પાટલા વગેરે કે અન્ય વ્યક્તિની સાથે અથડાવું અથવા થાંભલા સાથે ટક્કર લાગવી.

2 વાતો કરતાં કરતાં બહાર જવું.

2 હાશ ! હવે છૂટ્યા આવી ભાવનાથી નીકળવું.

2 ઘંટનાદ કર્યા વગર બહાર જવું અને રકમ ભંડારમાં પૂર્યા વગર જવું.

2 બહાર પગ મૂકતી વખતે "આવસ્સહી આવસ્સહી આવસ્સહી" બોલવી નહીં.

## નમણજલ (પ્રક્ષાજલ) લગાડવામાં અવિધિ

2 નમણજલના કટોરામાં પાંચે આંગળીઓ ડુબાવીને નમણ લેવું અને પેટ પર વિલેપન કરવું.

2 શરીરના મન ફાવે તે સ્થાન ઉપર લગાડવું.
નમણજલને જમીન ઉપર ઢોળવું કે ઢળી જવું.

નોંધ : પૂજા કર્યા પછી તથા નમણજલ લગાવ્યા પછી હાથધોવા જરૂરી છે. ચંદન, કેસર, નમણજલનો જરા પણ અંશ પોતાની આંગળી હથેલી કે નખ વગેરેમાં રહેવો જોઈએ નહીં. નખ વગેરેમાં રહેલા તે ચંદન આદિનો એક અંશ પણ ભોજન વખતે મુખમાં જાય તો દેવદ્રવ્ય ભક્ષણનું મહાપાપ લાગે છે.

## ઓટલા ઉપર બેસવાની અવિધિ...

2 ભગવાન તથા દેરાસરને પીઠ કરીને બેસવું.

2 રસ્તામાં કે પગથીયા વચ્ચે બેસવું.

2 *આવતા/જતા લોકોને ઊભા રાખી વાતો કરવી.*

2 *આંખો ખુલ્લી રાખી આવતા-જતા લોકોને જોતા રહેવું.*

2 *હાશ ! હવે છૂટ્યા આવા ભાવથી ઊભા થઈને ચાલતી પકડવી.*

**સાંજે આરતિ ઉતારતા પહેલાં પરમાત્માની છડી પોકારવી. સમુદાયમાં આરતિ ઉતારવી. સાથે ચામર-પંખા વીંઝવા, ઘંટનાદ, શંખનાદ કરવો.**

“” “” “” “” “” “” “”

## આશાતના નવિ કરીએ...

*જિન મંદિરની જઘન્ય દશ આશાતનાઓ :- તંબોલ પાણ ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં । મુત્તુચ્ચારં જુઅં, વજ્જે જિણનાહ જગઈએ ॥*

*૧. પાન ખાવું., ૨. પાણી પીવું, ૩. ભોજન કરવું, ૪. પગરખાં પહેરવાં, ૫. સ્ત્રીસેવન કરવું, ૬. થૂંકવું, ૭. કફ-મલ ફેંકવું, ૮. પેશાબ કરવો, ૯. સંડાસ કરવો અને ૧૦. જુગાર રમવો, આ દસ મોટી આશાતનાઓ અવશ્ય તજવી.*

*શરીર વગેરે અશુદ્ધ છતાં પૂજા કરવી, પ્રતિમા નીચે પાડી દેવા વગેરે મધ્યમ અશાતના ૪૨ પ્રકારે થાય છે.*

*જિન મંદિરની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ :- દેરાસરજીમાં ૧. નાકનું લીંટ નાખે. ૨. જુગાર, ગંજીફો, શતરંજ, ચોપાટ વગેરે રમતો રમે, ૩. લડાઈ-ઝઘડો કરે, ૪. ધનુષ્ય વગેરેની કળા શીખે, ૫. કોગળા કરે, ૬. પાન, સોપારી વગેરે ખાય, ૭. પાનના ડૂચા દેરાસરમાં થૂંકે, ૮. ગાળ આપે, ૯. ઝાડો પેશાબ કરે, ૧૦. હાથ, પગ, શરીર, મોઢું વગેરે ધૂવે, ૧૧. વાળ ઓળે, ૧૨. નખ ઉતારે, ૧૩. લોહી પાડે, ૧૪. સુખડી વગેરે ખાય, ૧૫. ગુમડા, ચાંદા, વગેરેની ચામડી ઉતારીને નાંખે. ૧૬. પિત્ત નાંખે, પડે, ૧૭. ઉલ્ટી કરે, ૧૮. દાંત પડે તે દેરાસરમાં નાંખે, ૧૯. આરામ કરે, ૨૦. ગાય, ભેંસ, ઊંટ, બકરા વગેરેનું દમન કરે, (૨૧. થી ૨૮.) દાંત-આંખ-નખ-ગાલ-નાક-કાન-માથાનો તથા શરીરનો મેલ નાખે, ૨૯. ભૂત-પ્રેત કાઢવા મંત્ર સાધના કરે, રાજ્ય વગેરેના કામે પંચ ભેગું કરે, ૩૦. વાદ-વિવાદ કરે, ૩૧. પોતાના ઘર-વેપારના નામાં લખે, ૩૨. કર અથાવ ભાગની વહેંચણી કરે, ૩૩. પોતાનું ધન દેરાસરમાં રાખે, ૩૪. પગ ઉપર પગ ચડાવીને બેસે, ૩૫. છાણાં થાપે, ૩૬. કપડાં સૂકવે, ૩૭. શાક વગેરે ઉગાડે કે મગ, મઠ આદિ સૂકવે, ૩૮. પાપડ સૂકવે, ૩૯. વડી, ખેરો, શાક, અથાણાં સૂકવે, ૪૦. રાજા વગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ રહે, ૪૧. સંબંધીનું મૃત્યુ સાંભળી રડે, ૪૨. વિકથા કરે, ૪૩. શસ્ત્ર-અસ્ત્ર-યંત્ર ઘડે કે સજે, ૪૪. ગાય, ભેંસ, વગેરે રાખે, ૪૫. તાપણું તપે, ૪૬. પોતાના કામ માટે દેરાસરની જગ્યા રોકે, ૪૭. નાણું પારખે, ૪૮. અવિધિથી નિસીહિ કહ્યા વગર દેરાસરમાં જવું, (૪૯. થી ૫૨.) છત્ર, પગરખાં, શસ્ત્ર, ચામર વગેરે રાખવું, ૫૩. શરીરે તેલ વગેરે ચોળવું-ચોપડવું, ૫૪. સચિત્ત દેરાસરની બહાર મૂકીને ન આવવું, ૫૫. રોજના પહેરવાના દાગીનાની બંગડી વગેરે પહેર્યા વિના (શોભા વિના) આવવું, ૫૬. ભગવંતને જોતા જ હાથ ન જોડવા, ૫૭. અખંડ વસ્ત્રનો ખેસ પહેર્યા વિના આવવું, ૫૮. મુગટ મસ્તકે પહેરવો, ૫૯. માથા પર પાઘડીમાં કપડું બાંધે, ૬૦. હારતોરા વગેરે શરીર પરથી દૂર ન કરે, ૬૧. શરત હોડ બકવી, ૬૨. લોકો હસે એવી ચેષ્ટાઓ કરવી, ૬૨. મહેમાન વગેરેને પ્રણામ કરવા...*